પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૮૯ | ૨૯ ડિસેમ્બર, ૨૦૧૭, શુક્રવાર ; પોષ સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ચાર કલાકની ખેંચતાણના અંતે ખાતાની ફાળવણી

**નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલને માર્ગ-મકાન અને આરોગ્ય, આર.સી. ફળદુને કૃષિ, ભૂપેન્દ્રસિંહ ચુડાસમાને શિક્ષણ, કૌશિકભાઈને મહેસુલ અને સૌરભ પટેલને નાણા વિભાગની ફાળવણી**



ગાંધીનગર, તા.૨૮

ગુજરાતના રાજકીય ઈતિહાસમાં સૌથી વિલંબ બાદ મંત્રીઓને ખાતાની ફાળવણી ગુરૂવારે મોડીરાત્રે થઈ હતી. સાંજે પાંચ વાગ્યે યોજાનાર કેબિનેટની પ્રથમ બેઠક ચાર કલાકના વિલંબ બાદ અર્થાત રાત્રે ૯ વાગ્યે શરૂ થઈ હતી. સતત ચાર કલાક સુધી મુખ્યમંત્રીના નિવાસસ્થાને મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી વચ્ચે ચર્ચાઓ ચાલી હતી. બિનસત્તાવાર અહેવાલ મુજબ બંને વચ્ચે ખાતાની ફાળવણીમાં ઉગ્ર મતભેદ સર્જાતા હાઈકમાન્ડની દરમિયાનગીરી બાદ

● અનુસંધાન પાન-૭ પર

## મંત્રીમંડળમાં કોને-કયો વિભાગ ફાળવાયો

| | |
|---|---|
| વિજયભાઈ રૂપાણી | સામાન્ય વહીવટ, ઉદ્યોગ, ગૃહ, શહેરી વિકાસ બંદરો, ખાણ ખનિજ, માહિતી પ્રસારણ, પેટ્રોલિયમ, ક્લાયમેટ ચેન્જ, પ્લાનીંગ, સાયન્સ એન્ડ ટેકનોલોજી |
| નીતિનભાઈ પટેલ | માર્ગ અને મકાન, આરોગ્ય અને પરીવાર કલ્યાણ, તબીબી શિક્ષણ, નર્મદા, કલ્પસર, પાટનગર યોજના |
| **● કેબીનેટ કક્ષાના મંત્રીઓ** | |
| આર. સી. ફળદુ | કૃષિ, ગ્રામ વિકાસ, મત્સ્ય ઉદ્યોગ, પશુપાલન, વાહન વ્યવહાર |
| ભુપેન્દ્રસિંહ ચુડાસમા | શિક્ષણ/પ્રાથમિક માધ્યમિક, પ્રૌઢ, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ, કાયદો અને ન્યાય તંત્ર, વૈદ્યાનિક અને સંસદીય બાબતો, મીઠા ઉદ્યોગ, |
| કૌશિકભાઈ પટેલ | મહેસૂલ |
| સૌરભ પટેલ | નાણા, ઊર્જા |
| ગણપતસિંહ વસાવા | આદિવાસી વિકાસ, પ્રવાસન, વન, મહિલા અને બાળ કલ્યાણ |
| જયેશભાઈ રાદડીયા | અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબત, કુટીર ઉદ્યોગ, છાપ કામ અને લેખન સામગ્રી |
| દિલીપકુનમાર ઠાકોર | શ્રમ અને રોજગાર, ડીઝાસ્ટર મેનેજમેન્ટ, યાત્રાધામ વિકાસ |
| ઈશ્વરભાઈ પરમાર | સામાજિક ન્યાય અને અધિકારિતા |
| **● રાજ્ય કક્ષાના મંત્રીઓ** | |
| પ્રદિપસિંહ જાડેજા | ગૃહ, ઊર્જા, વૈદ્યાનિક અને સંસદીય બાબત, કાયદો, ન્યાયતંત્ર (રાજ્યકક્ષા), પોલીસ હાઉસીંગ, બોર્ડર સિક્યુરીટી, સીવીલ ડીફેન્સ, ગ્રામ રક્ષક દળ, જેલ નશાબંધી આબકારી, સ્વૈચ્છીક સંસ્થાઓનું સંકલન, બિનનિવાસી ગુજરાતી પ્રભાગ |
| પરબતભાઈ પટેલ | સિંચાઈ, પાણી પુરવઠા (સ્વતંત્ર હવાલો) |
| પરસોત્તમભાઈ સોલંકી | મત્સ્ય ઉદ્યોગ |
| બચુભાઈ ખાબડ | ગ્રામ ગૃહ નિર્માણ, ગ્રામ વિકાસ, પશુપાલન, ગૌસંવર્ધન |
| જયદ્રથસિંહજી પરમાર | કૃષિ વિભાગ (રાજ્યકક્ષા), પંચાયત, પર્યાવરણ (સ્વતંત્ર હવાલો) |
| ઈશ્વરસિંહ પટેલ | સહકાર, રમત-ગમત યુવક સાંસ્કૃતિ, વિભાગ, (સ્વતંત્ર હવાલો) વાહન વ્યવહાર (રાજ્યકક્ષા) |
| વાસણભાઈ આહિર | સામાજિક શૈક્ષણિક પછાત વર્ગોનું કલ્યાણ |
| વિભાવરીબેન દવે | મહિલા બાળ કલ્યાણ વિભાગ, શિક્ષણ (પ્રાથમિક અને ઉચ્ચ શિક્ષણ) અને યાત્રાધામ |
| નાનુભાઈ પાટકર | વન અને આદિજાતિ વિભાગ |
| કિશોર કાનાણી (કુમાર) | આરોગ્ય અને પરિવાર કલ્યાણ, તબીબી શિક્ષણ |

# પાકિસ્તાનનું વર્તન ખુબ શરમજનક હતું : સુષ્મા

નવી દિલ્હી,તા. ૨૮

જાસુસીના આરોપસર પાકિસ્તાની જેલમાં રહેલા ભારતીય



નૌકા સેનાના પૂર્વ અધિકારી કુલભૂષણ જાધવ સાથે તેમની માતા અને પત્નિની મુલાકાત દરમિયાન પાકિસ્તાનમાં શરમજનક વર્તનને લઈને વિદેશમંત્રી સુષ્મા સ્વરાજે સંસદના બંને ગૃહોમાં આજે નિવેદન કર્યુ હતું. સુષ્મા સ્વરાજે કહ્યું હતું કે, પાકિસ્તાને મુલાકાત દરમિયાન શરતોનો ખુલ્લો ભંગ કર્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે, જાધવની માતા અને પત્નિના મંગળસુત્ર, બંગળીઓ, બિંદી જેવી ચીજો ઉતારી લેવામાં આવી હતી. તેમને વિધવાના રુપમાં રજૂ કરવામાં આવ્યા હતા. સુષ્માએ કહ્યું હતું કે, સ્વરાજે આજે નિવેદન કરતા કહ્યું હતું કે, રાજકીય પ્રયાસો બાદ આ મુલાકાત નક્કી કરવામાં આવી હતી. ૨૨ મહીનાના લાંબા ગાળા દરમિયાન માતાની પુત્ર સાથે અને હતું. શરતોનો ભંગ કરવામાં આવ્યો હતો. બંને વસ્ત્રો બદલી દેવામાં આવ્યા હતા. જાધવની માતા સાડી પહેરે છે પરંતુ તેમને સલવાર પહેરવાની ફરજ પાડવામાં આવી

**પાકિસ્તાને મુલાકાત દરમિયાન શરતોનો ખુલ્લો ભંગ કર્યો : જાધવની માતા, પત્નિના મંગળસુત્ર, બંગડી, બિંદી ઉતરાવી દેવાયા : શૂઝની સાથે ચેડા કરાયા**

આ ખુબ જ શરમજનક વર્તન પાકિસ્તાન તરફથી કરવામાં આવ્યું હતું. પાકિસ્તાનમાં આ શરમજનક કરતુતને સમગ્ર સંસદ અને દેશના લોકો સ્પષ્ટપણે ફગાવી દે છે. બીજી બાજુ કોંગ્રેસે જાધવના પરિવારના સભ્યોના અપમાનને લઈને સરકારનું સમર્થન કર્યું છે અને સાથે સાથે આને સમગ્ર દેશના લોકોના અપમાન તરીકે ગણાવીને આની નિંદા કરી છે. સુષ્મા એક પત્નિની પતિ સાથે ભાવુક મુલાકાત હતી પરંતુ પાકિસ્તાને આને પ્રચાર તરીકે ઉપયોગ કરીને ભારતીયોને અપમાનિત કરવાના પ્રયાસો કર્યા છે. સુષ્માએ ઉમેર્યું હતું કે, ભારતે કહ્યું હતું કે, જાધવની માતા અને પત્નિની પાસે પાકિસ્તાની મિડિયાને આવવાની મંજુરી ન આપવામાં આવે. બંને મહિલાઓ સાથે ખરાબ વર્તન કરવામાં આવ્યું હતી. પત્નિ અને માતાના મંગળસુત્ર ઉતારી લેવામાં આવ્યા હતા. જાધવની માતા સાથે તેઓએ પોતે વાત કરી હતી. જાધવે બેસતાની સાથે જ પોતાના પિતા અંગે વાત કરી હતી. કારણ કે, બિંદી નહીં હોવાના કારણે તેમને કોઈ અપ્રિય ઘટનાની શંકા ગઈ હતી. બંને મહિલાઓને વિધવાના રુપમાં રજૂ કરવામાં આવી હતી.

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### ઉત્તરાખંડમાં ૪.૭ રીકટર સ્કેલનો ભૂકંપ

ઉત્તારાખંડના રૂદ્રપ્રયાગ વિસ્તારમાં ૪.૭ રીકટર સ્કેલનો ભૂકંપનો આંચકો અનુભવાયો છે ચીમોલીમાં એપી સેન્ટર નોંધાયું છે.

### લોકસભાની ત્રણ બેઠકોની ચૂંટણી જાહેર

રાજસ્થાનના અજમેર અને અલ્વર બેઠકની તથા પશ્ચિમ બંગાળના ઉલ્બેરીયાની ત્રણ લોકસભા બેઠકોની ચૂંટણી આગામી ૨૯મી ફેબ્રુઆરીએ યોજાશે. આ સાથે જ રાજસ્થાન અને પશ્ચિમ બંગાળની બે વિધાનસભાની ચૂંટણી પણ યોજાશે.

### નવા વર્ષમાં ૧ લીટર પેટ્રોલ રૂ. ૪૫માં મળી શકે

પેટ્રોલ-ડીઝલને જીએસટી હેઠળ સમાવવાના સંકેત બાદ પેટ્રોલ-ડીઝલની કિંમત ઓછી થઈ શકે છે. જીએસટી લાગતા એકસાઈઝ ડયુટી અને વેટ ખતમ થતાં પેટ્રોલની કિંમત ૪૫ રૂ. સુધી થઈ શકે છે નવા વર્ષના પ્રારંભે આ ગીફટ મળી શકે છે.

# ઈજરાયેલના વડાપ્રધાનના સ્વાગતની તૈયારીઓ આરંભાઈ

**જાન્યુઆરીમાં આવશે : સંબંધો વધુ મજબુત થશે**

નવી દિલ્હી,તા. ૨૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદી જાન્યુઆરીમાં પોતાના ઈઝરાયેલી સમકક્ષ બેન્જામીન નેતાન્યાહુના સ્વાગતની તૈયારીમાં લાગી ગયા છે. ઈઝરાયેલી વડાપ્રધાન એવા સમય પર ભારત આવી રહ્યા છે જ્યારે હાલમાં જ ભારતે યેરુસાલેમના મુદ્દા પર સંયુક્ત રાષ્ટ્રમાં અમેરિકાના વિરોધમાં મત આપ્યુ હતુ. હકીકતમાં અમેરિકા યેરુસાલેમને ઈઝરાયેલના પાટનગર તરીકે માન્યતા આપે છે. જેનો આંતરરાષ્ટ્રીય સ્તર પર જોરદાર વિરોધ થયો હતો. ભારત દ્વારા કરવામાં આવેલા વોટિંગ સામે ભાજપના સાંસદ સુબ્રમણ્યમ સ્વામી દ્વારા વિરોધ કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૦૩ બાદ નેતાન્યાહુની આ યાત્રા કોઈ પણ ઈઝરાયેલી વડાપ્રધાનની આ પ્રથમ ભારત યાત્રા છે. વર્ષ ૨૦૦૩માં એરિયલ શેરોન ભારતના પ્રવાસે આવ્યા હતા. નેતાન્યાહુ ૧૬મીજાન્યુઆરીના દિવસે પહોંચી રહ્યા છે. તેઓ ચાર દિવસ સુધી જુદા જુદા કાર્યક્રમમાં ભાગ લેશે. પ્રવાસની શરૂઆતમાં તેઓ રાયસીના ડાયલોગને સંબોધન કરશે. ત્યારબાદ તેઓ તેમના પત્નિ સાથે આગરા પહોંચશે. તાજમહેલને નિહાળશે. ત્યારબાદ મોદીની સાથે તેઓ અમદાવાદમાં પહોંચનાર છે. અત્રે ઉલ્લેખનીય છે કે મોદી જ્યારે ગુજરાતના મુખ્યપ્રધાન હતા ત્યારે જ તેઓએ ઈઝરાયેલની સાથે મજબુત સંબંધ સ્થાપિત કરી લીધા હતા. નેતાન્યાહુ મુંબઈમાં બિઝનેસ લીડરોને પણ મળનાર છે. ત્યાં બેબી મોશેની સાથે ભાવનાશીલ સંબંધ પણ ગાળનાર છે. મોશેના માતાપિતા વર્ષ ૨૦૦૮માં મુંબઈ હુમલામાં માર્યા ગયા હતા. એ વખતે મોશે માત્ર બે વર્ષનો હતો. હવે ચાબડ હાઉસમાં રહે છે. મોદીએ આ વર્ષે જુલાઈમાં ઈજરાયેલના પ્રવાસ દરમિયાન મોશે સાથે વાતચીત કરી હતી. નેતાન્યાહુની યાત્રાને ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે.

# લોકસભામાં ઐતિહાસિક ત્રિપલ તલાક બિલ પસાર

**લોકસભામાં વિરોધ પક્ષોના વિરોધ વચ્ચે બિલ પસાર કરાયું : આજનો દિવસ ઐતિહાસિક હોવાની ચર્ચા દરમિયાન કાયદામંત્રી રવિશંકર પ્રસાદની રજૂઆત : બિલને રજૂ કરાયા બાદ દિવસમાં ઉગ્ર ચર્ચા બાદ વોટિંગ**

નવીદિલ્હી,તા. ૨૮

ત્રિપલ તલાક ટૂંક સમયમાં જ કાયદા હેઠળ સજાપાત્ર ગુના તરીકે બની જશે. ત્રિપલ તલાક બિલ આજે લોકસભામાં આખરે પસાર કરી દેવામાં આવ્યું હતું. ત્રિપલ તલાકને અપરાધ ગણાવતા ઐતિહાસિક બિલને સવારે કાયદાપ્રધાન રવિશંકર પ્રસાદે રજૂ કર્યા બાદ દિવસ દરમિયાન ઉગ્ર ચર્ચા ચાલી હતી. ચર્ચા બાદ વોટિંગ કરાવવામાં આવ્યું હતું. તમામ સુધારાઓને ફગાવી દેવામાં આવ્યા હતા. સુધારાને લઈને વિપક્ષના અનેક પ્રસ્તાવ ફગાવી દેવાયા હતા. એમઆઈએમના સાંસદ અસાસુદીન ઓવૈસીના પ્રસ્તાવ બે મતની વિરુદ્ધ ૨૪૧ મતે ફગાવી દેવાયું હતું. જ્યારે ચાર સભ્યોએ મતદાન કર્યું ન હતું. અનેક સુધારા રજૂ કરાયા હતા પરંતુ તમામ સુધારા પ્રસ્તાવ ભારે બહુમતથી ફગાવી દેવાયા હતા. અગાઉ સરકારે આજે લોકસભામાં આ પ્રથાને અપરાધી તરીકે ગણવા સાથે સંબંધિત બિલ જોરદાર વિરોધ અને ધાંધલ ધમાલ વચ્ચે રજૂ કરી દીધું હતું. વિરોધ પક્ષોએ જોરદાર વિરોધ કર્યો હતો. કેટલાક પક્ષોએ આની સામે વાંધો ઉઠાવ્યો હતો. રાષ્ટ્રીય જનતા દળ, ઓલઈન્ડિયા મજલિસે ઈત્તેહાદુલ મુસ્લિમીન, ઈન્ડિયન યુનિયન મુસ્લિમ લીગ, બીજુ જનતા

● અનુસંધાન પાન-૭ પર



# દલાઈ લામા સૈયદના કુત્બુદ્દીન હાર્મની પુરસ્કારથી સન્માનિત

અમદાવાદ,તા. ૨૮

તિબેટીયનોના ધાર્મિક વડા જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટીના કન્વેન્શન હોલમાં યોજાયેલા દલાઈ સન્માનિત કરવામાં આવ્યા હતા. પોતાના સંબોધનમાં સૈયદના ફખરૂદ્દીને ઉપસ્થિત તમામ નેતાઓ અને મહાનુભાવોને ભારત અને વિશ્વમાં અલગતાવાદી પરિબળો સામે એકસંપ થઈ લડવા જાહેર અનુરોધ કર્યો હતો.



પ.પૂ. દલાઈ લામાને દાઉદી વોરા સમુદાયના વડા સૈયદના તાહેર ફખરૂદીન સાહેબ દ્વારા કુત્બુદ્દીન હાર્મની પ્રાઈઝ આપીને સન્માનિત કરાયા છે. વિશ્વ શાંતિની અસાધારણ કામગીરી બદલ તેમને આ પારિતોષિક આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે સૈયદના ફખરૂદ્દીને ભારત અને વિશ્વમાં અલગતાવાદી પરિબળો સામે એકસંપ થઈ લડવા જાહેર અનુરોધ કર્યો હતો. તો, દલાઈ લામાએ પણ સૈયદના તાહેર ફખરૂદીનનો આ સન્માન બદલ ખાસ આભાર માન્યો હતો.

નવી દિલ્હી ખાતે લામાના સન્માન સમારંભના કાર્યક્રમમાં જૈન નેતા પ.પૂ. આચાર્ય ડો. લોકેશ મુનિ, આર્ચ બિશપ અનિલ જોસેફ કોટો, દિલ્હી શીખ ગુરૂદ્વારા મેનેજમેન્ટ કમીટીના અધ્યક્ષ સરદાર મનજીત સિંઘ જીકે, નવી દિલ્હીમાં યહુદી સમુદાયના વડા રબ્બી એઝિકેલ ઈસાક માલેકર, ગોર ગોપાલદાસ અને સુપ્રીમકોર્ટના પૂર્વ ચીફ જસ્ટિસ એ.કે.એહમદી સહિતના દિગ્ગજ મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે દાઉદી વોરા સમુદાયના વડા સૈયદના તાહેર ફખરૂદીન સાહેબ દ્વારા દલાઈ લામાને કુત્બુદ્દીન હાર્મની પ્રાઈઝ આપીને

# કાયદો કુરાનની વિરુદ્ધ હશે તો નામંજુર કરાશે : મુસ્લિમ પર્સનલ લો બોર્ડ

નવીદિલ્હી, તા. ૨૮

સંસદમાં ત્રિપલ તલાક વિરોધી બિલ રજૂ થવાથી રોકવાની ઓલઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ તરફથી અપીલ કરવામાં આવી છે. મુસ્લિમ મહિલા સંગઠનોનું કહેવું છે કે, જો આ બિલ કુરાનની રોશની અને બંધારણના દસ્તૂર ઉપર આધારિત રહેશે નહીં તો તેને કોઈ કિંમતે સ્વિકાર કરવામાં આવશે નહીં. ઓલ ઈન્ડિયા વુમન પર્સનલ લો બોર્ડની અધ્યક્ષ સાહિસ્તા અંબરનું કહેવું છે કે, નિકાહ એક કરાર તરીકે છે અને જે પણ આને તોડશે તેને સજા થવી જોઈએ. કેન્દ્ર સરકાર દ્વારા બનાવવામાં આવનાર કાયદાનું મુસ્લિમ મહિલા બોર્ડે સરકારની પહેલનું સ્વાગત કર્યું છે.

# કાયદા હેઠળ ત્રિપલ તલાક સજાપાત્ર ગુનો

નવીદિલ્હી, તા. ૨૮

દ મુસ્લિમ વુમન (પોટેક્શન ઓફ રાઈટ્સ ઓન મેરેજ) બિલમાં ત્રિપલ તલાકથી પીડિત મહિલાઓને વળતરના સંબંધમાં જોગવાઈ કરવામાં આવી છે. આ બિલને કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહના નેતૃત્વમાં એક આંતરપ્રધાચ સ્તરના જૂથ દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે. આ હેઠળ કોઈપણ પ્રકારથી આપવામાં આવેલા ઈન્સ્ટન્ટ ત્રિપલ તલાકને ગેરકાયદે અને અમાન્ય ગણવામાં આવશે. મૌખિકરીતે, લેખિતરીતે, ઈમેઈલ, એસએમએસ, વોટ્સએપ મારફતે ત્રિપલ તલાકને ગેરકાયદે ગણવામાં આવશે. સાથે સાથે પતિને ત્રણ વર્ષની જેલની સજા થશે. આ બિલને સુપ્રીમ કોર્ટમાં ૨૨મી ઓગસ્ટના ચુકાદા બાદ તૈયાર કરવામાં આવ્યું છે. સુપ્રીમ કોર્ટે ૨૨મી ઓગસ્ટના દિવસે ત્રિપલ તલાકને ગેરકાયદે જાહેર કરીને બિલના મુસદ્દાને રાજ્યોને મોકલી દેવાની કવાયત હાથ ધરવામાં આવી હતી. રાજ્યો પાસેથી ૧૦મી ડિસેમ્બર સુધી જવાબ માંગવામાં આવ્યા હતા.




